# વાવ બેઠક પર શંકરસિંહ ચૌધરીની પ્રચંડ જનમેદનીના સમર્થન સાથે ઉમેદવારી

વાવ, તા. ૨૪

વિધાનસભાની ચૂંટણીમાં વાવ બેઠક પર ભારતીય જનતા પાર્ટીએ પુનઃ શંકરભાઈ ચૌધરીને ટીકીટ આપતાં આજરોજ પ્રચંડ જનમેદનીના સમર્થન વચ્ચે શંકરભાઈએ સુઈગામ પ્રાંત કચેરી ખાતે પોતાનું ઉમેદવારી પત્ર રજુ કર્યું હતું. આજે વાવ ખાતે યોજાયેલ વિશાળ જાહેર સભાને સંબોધતાં રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, દરેક સમાજમાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત આપ સહુ વિકાસને વધાવવા આવ્યા છો, આ વિસ્તાર સરહદી વિસ્તાર છે. એક તરફ રાજસ્થાન અને બીજી તરફ પાકિસ્તાન છે. આ વિસ્તારને ૫૦ કરતાં વધુ વર્ષ સુધી પછાત રાખવાનું કલંક કોંગ્રેસની સરકારોએ કર્યુ છે તે કલંક ભુસવાનો, ખેડૂતોને ખુશાલી આપવાનો શક્ય પ્રયાસ આપણે કર્યો છે. પાંચ વર્ષમાં નર્દાનું કામ ૯૫ ટકા પુરૂ થયુ છે. ખેડૂતો ત્રણ વર્ષથી બબ્બે સીઝન લઈ રહ્યા છે. પુરની સ્થિતિમાં વડાપ્રધાન, મુખ્યમંત્રી સહીત ભારતીય જનતા પાર્ટીએ ઘણીજ મદદ કરી છે. હજુ પણ જે કાંઈ કમી રહી ગઈ હોય તે પૂર્ણ કરવા આ ભારતીય જનતા પાર્ટીની સરકાર તૈયાર છે. વાવ, સુઈગામ અને ભાભર ત્રણેય તાલુકામાં કોલેજો, આરોગ્યધામો, સ્કૂલો, રોડ-રસ્તા સહીત અનેક કામો આ વિસ્તારમાં સાકાર થયા છે. આજે આ ચૂંટણી હું નહી આપ સહુ લડો છો. તમારા આશીર્વાદ સાથે આજે ફોર્મ ભરૂ છુ, દરેકનું ભલુ થાય તેવું કામ આપણે કરવું છે. સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને ગુજરાતની જનતા જંગી બહુમતીથી જીતાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય કૃષિમંત્રી અને ગુજરાત પ્રદેશના પૂર્વપ્રમુખ પુરૂષોત્તમ રૂપાલાએ તેમની આગવી શૈલીમાં જણાવ્યું હતું કે, આટલી વિશાળ સંખ્યાની સભા જોતા મને પહેલીવાર એવું લાગે છે કે આ ફોર્મ ભરવાની સભા અને વિજયી સભા સાથે હોય તેવું લાગે છે. કોંગ્રેસ આ સભા જોઈને ચૂંટણી લડવાનું કદાચ માંડી વાળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મારૂ સદભાગ્ય છે કે આ વિસ્તારમાં મને ઢીમા ધરણીધરના સાનિધ્યમાં આવવા મળ્યુ. જેમ ગંગા નદીના પ્રવાહ માટે ભોલેનાથે જટા ફેલાવી તેમ આ વિસ્તારને શંકરભાઈ મળતા આ વિસ્તારની રોનક બદલાઈ છે. કોઈને વિકાસ ન દેખાતો હોય તો તે તેમની આંખનો પ્રોબ્લેમ છે. વિકાસનું કામ કરવા માટે ભારતીય જનતા પાર્ટીના કુળમાંજ જનમ લેવો પડે તેમ આ વિસ્તારના ૯૫ ટકા નર્મદા યોજનાના કામ માટે શંકરભાઈને વોટ આપજો પણ ૧૦ વર્ષ સુધી નર્મદા યોજનાની પરવાનગી ન આપી તેમને સજા કરજો અને તેમની ડીપોઝીટ જપ્ત કરવાની સજા આપજો. કોંગ્રેસના વડાપ્રધાન એવું કહે છે કે નર્મદાના કામ માટે ગુજરાતના મુખ્યમંત્રી અમને કહેવા નહોતા આવ્યા તેવું કહેલું કેટલે અંશે યોગ્ય છે ? જો કોઈ ગામમાં વિકાસ ન થાય તો શંકરભાઈ એવું કહે કે તે ગામના સરપંચ મને મળવા નહોતા આવ્યા તે યોગ્ય છે ? તેમની તો ફરજ છે ગામે ગામના કામ કરવાની કોઈ કહેવા આવે કે ન આવે.



## કાંકરેજ ભાજપનું કાર્યાલય ખુલ્લુ મુકાયું

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ વિધાનસભા ભાજપના કાર્યાલયનું શુભ ઉદ્ઘાટન દેવદરબાર જાગીર મઠ ૧૦૦૮ મહંત બળદેવગીરી બાપુના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે કાંકરેજ વિધાનસભાના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાએ બાપુને શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ અને જિલ્લા અને તાલુકામાંથી ભાજપના મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં થરા શહેર અને કાંકરેજ ભાજપ સંગઠન દ્વારા કિર્તીસિંહ વાઘેલાને મેન્ડેડ અર્પણ કરાયો હતો અને કિર્તીસિંહ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ ભારત માકા કી જયના નારા સાથે હજારો કાર્યકર્તાઓની હાજરીમાં ભાજપનું કાર્યાલય ગુંજી ઉઠ્યુ હતુ અને કાંકરેજ વિધાનસભામાં કમળના નિશાનને જીતાડી ગાંધીનગર મુકવા માટે ભાજપ કાર્યકરોએ નેમ લીધી હતી. જેમાં કાંકરેજ તાલુકાની દરેક સમાજના અગ્રણીઓ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# હાર્દિકના નિવેદન મામલે સંસ્થાને કોઈ લેવા દેવા નથી : પ્રમુખ, ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન

ઊંઝા, તા. ૨૪

હાર્દિક પટેલના કોંગ્રેસના અનામત ફોર્મ્યુલા નિવેદનના મામલે આજે રાજકારણ ગરમાયુ છે. હાર્દિકે ખોડલધામ અને ઉમિયાધામનું કોંગ્રેસની અનામત ફોર્મ્યુલાનો સમર્થન હોવાનું નિવેદનમાં જણાવ્યું હતું. જેમાં ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખનું નિવેદનમાં કહેવાયું હતું કે હાર્દિકના નિવેદન મામલે સંસ્થાને કોઈ લેવા દેવા નથી. એ ફોર્મ્યુલા અંગે અમે જાણતા નથી. જે નિવેદન કર્યુ એ એની અંગત બાબત છે. આર્થીક રીતે સક્ષમ ના હોય એવા તમામ સમાજના ગરીબ પરિવારોને લાભ મળવો જોઈએ તેમ સંસ્થાન આ બાબતે તટસ્થ છે તેમ વિક્રમ પટેલ, પ્રમુખ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાને જણાવ્યુ હતુ.

હાર્દિક પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને નિવેદન કરવામાં આવ્યું હતું. ખોડલધામ અને ઉમિયાધામ કોંગ્રેસની અનામત ફોર્મ્યુલા મામલે સમર્થન આપે છે. જો કે આ બાબતે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખને પૂછતા તેઓએ સ્પષ્ટ ના પાડી દીધી હતી અને કહ્યુ હતુ કે એ ફોર્મ્યુલા મામલે અમે જાણતા નથી. સંસ્થાના પ્રમુખ વિક્રમ પટેલે જણાવી દીધુ હતુ કે હાર્દિકના નિવેદન મામલે સંસ્થાને કોઈ લેવાદેવા નથી. જે નિવેદન કર્યુ એ એની અંગત બાબત છે. અમારૂ એટલુ જ માનવું છે કે, આર્થીક રીતે સક્ષમ ના હોય એવા તમામ સમાજના ગરીબ પરિવારોને આર્થીક રીતે અનામતનો લાભ મળવો જોઈએ એવું સંસ્થાનું માનવુ છે. તેમ વિક્રમભાઈ પટેલ, પ્રમુખ, ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ જણાવ્યું હતું.






## ભાજપ દ્વારા ઈડરીયા ગઢને જીતવા આયાતી ઉમેદવાર જાહેર કરતા સ્થાનિકોમાં ઉકળતો ચરૂ

વર્ષોથી ભાજપનો ગઢ બનેલા ઈડર વિધાનસભા સીટમાં આયાતી ઉમેદવારનું નામ જાહેર કરતા સ્થાનિક કાર્યકરોમાં રોષની લાગણી પેદા થઈ છે અને ઈડરીયો ગઢ ખોવાની નોબત આવે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. રમણલાલ વોરાને દસાડા બેઠક પર ખસેડતા સ્થાનિક કોણ ? એ ચર્ચાનો વિષય બન્યો હતો. આખરે ઈડરની અનામત બેઠક પર ફરી એકવાર આયાતી ઉમેદવાર જાહેર કરતા સ્થાનિક કાર્યકરો અને પ્રજામાં આયાતી ઉમેદવાર સામે વિરોધનો વંટોળ ઉભો થયો છે.

## રાજ્યકક્ષાની દિવ્યાંગ વોલીબોલ સ્પર્ધા મોડાસા ખાતે યોજાઈ

રાજ્યકક્ષા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર સ્પોર્ટ્સ ઓર્થોરીટી ગુજરાત અને રમતગમત કચેરી અરવલ્લી અને ફિઝીકલ હેન્ડીકેપ વેલ્ફર મંડળના સહયોગ દ્વારા રાજ્યકક્ષાની વોલીબોલ સ્પર્ધા મોડાસા કોલેજ હોસ્ટેલ ખાતે તાજેતરમાં યોજાઈ હતી. જેમાં પોરબંદર, મોરબી, અમરેલી, બનાસકાંઠા, સાબરકાંઠાના ખેલાડીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન શામળાજી મંદિરના ટ્રસ્ટી અનીલભાઈ પટેલ, રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેશ જોશી, રમત ગમત અધિકારી હર્ષાબેન ઠાકોર, ફિઝીકલ હેન્ડીકેપ વેલ્ફર મંડળના પ્રમુખ વિનોદભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાના મંથર ગતિથી ચાલતા કામથી પ્રજા ત્રાહિમામ

### રોડ પર ઊડતી ધૂળ અને માટીના ઢગલાઓથી વાહનચાલકો અને રાહદારીઓ ત્રસ્ત

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માર્ગો પર સતત ચાલતા વિકાસના કામો અને અણઘડ કામગીરીના પગલે કોઈને કોઈ માર્ગ ખોડેલો અને કામગીરી ચાલતી હોવાથી પ્રજાજનો તોબા પોકારી ગયા છે. મોડાસા નગરના માલપુર રોડ પર કલ્યાણ વિસ્તારમાં ચાલતી નવીન ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ મંથરગતિએ ચાલતા અને ધૂળના ઢગલાથી ઊડતી ધૂળથી વાહનચાલકો અને રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા છે.

મોડાસા નગરપાલિકા તંત્રએ નવીન ભૂગર્ભ ગટર યોજના હેઠળ ચોમાસા પહેલા ખાડા ખોદી મોટા ઉપાડે કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું પરંતુ સતત ધોધમાર વરસાદના પગલે કામકાજ કોન્ટ્રાક્ટરે અટકાવી દીધું હતું ત્યાર બાદ દિવાળી પછી કોન્ટ્રાક્ટરે નવીન ગટર યોજનાનું કામકાજ હાથ ધરવામાં આવતા કલ્યાણ વિસ્તારમાં આનંદ છવાયો હતો પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા કામકાજ મંથર ગતિએ ચાલતા અને રોડ પર અને આજુબાજુ ખડકેલાં માટીના ઢગલાથી ઊડતી ધૂળથી વાહનચાલકો અને અહીંથી પસાર થતા રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા છે અને શહેરીજનો દ્વારા કોન્ટ્રાક્ટર ઝડપથી કામકાજ પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ઉગ્ર બની છે. અહીંથી પસાર થતા નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ અને નગરસેવકો લોકોએ પડતી તકલીફોને વાચા આપી કોન્ટ્રાક્ટરને ઝડપથી કામકાજ પૂર્ણ કરવા સૂચના આપવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે.



## પેન્શનરોને રોકાણની વિગતો મોકલી આપવી

મહેસાણાની કચેરી દ્વારા પેન્શન મેળવતા જે પેન્શનરોની આવક કરપાત્ર થતી હોય તેવા પેન્શનરોએ પોતાના ચાલું નાણાંકીય વર્ષ દરમિયાન કરનારા રોકાણની વિગતોની નકલો ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં જિલ્લા તિજોરી કચેરી મહેસાણાને મોકલી આપવાની રહેશે. નિર્ધારીત સમયમાં મહેસાણા જિલ્લામાં તિજોરી ખાતે વિગત નહી આપે તો નિયમાનુંસાર આવકવેરાની ગણતરી કરીને આવકવેરાની કપાત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જિલ્લા તિજોરી અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### મોડાસાના હનુમાનમોરી પ્રાથમિક સુવિધા સહીત

# રોડથી વંચિત રહેતા "રોડ નહિ તો વોટ નહિ" ચૂંટણી બહિષ્કારની ચીમકી

મોડાસા, તા. ૨૪

ગતિશીલ ગુજરાતના દાવાઓ પોકળ સાબિત હજુ પણ અરવલ્લી જિલ્લાના અંતરિયાળ ગામો પ્રાથમિક સુવિધા અને પાયાગત માળખાના અભાવે દયનિય હાલતમાં જોવા મળે છે. મુખ્યમથક મોડાસા શહેરથી ૬ કિમી દૂર સાકરીયા ગામ નજીક આવેલા હનુમાન મોરી ગામમાં મેશ્વો જલાગાર યોજનાના અસરગ્રસ્તો છેલ્લા ૫૦ વર્ષથી સરકાર દ્વારા ખસેડાયા હતા પરંતુ અહીં વસવાટ કરતા લોકોની બીજી પેઢી પણ પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેતા અને જવાબદાર તંત્ર અને પ્રજાના ચૂંટેલા પ્રતિનિધિઓ આગળ વારંવાર લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં સમસ્યા હાલ ના થતા હનુમાન મોરી ગામના લોકોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી "રોડ નહિ તો વોટ" નહિના બેનરો સાથે ગામના પ્રવેશદ્વાર આગળ દેખાવો કરી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું.




ચૂંટણી આવતા લોકો પોતાના પ્રશ્નોનો નિકાલ ન થતા ચૂંટણી બહિષ્કાર કે વોટ નહિ આપવાનું હથિયાર ઉઠાવે છે. જવાબદારતંત્ર અને લોક પ્રતિનિધિઓને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ ઠોસ પગલાં ના લેવાતા મોડાસાના હનુમાન મોરી (સાકરીયા) ગામ લોકોએ "રોડ નહિ તો વોટ નહિ" અને ચૂંટણી બહિષ્કારનું શસ્ત્ર ઉગામ્યું હતું અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી હતી. રોડ, પાણી, લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓના અભાવે લોકો મજબૂરીમાં જીવી રહ્યા છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર પાકા રોડના અભાવે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ આવી ના શકતા દર્દીઓ ને સમયસર સારવાર પણ મળતી નથી. દૂધસંજીવની યોજના હેઠળ બાળકોને દૂધ પણ પહોંચતું ના હોવાનું અને કાચા રસ્તા પાર ઝાડી ઝાંખરાના લીધે રાત્રીના સુમારે જંગલી પ્રાણીઓનું પણ ભય રહેતો હોવાથી ના છૂટકે ચૂંટણી બહિષ્કારની ફરજ પડી છે.

## રેટિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અરવિંદ સુબ્રમણ્યમે ભારતના અર્થતંત્રના પરિબળો ખુબ મજબૂત હોવા છતાં રેટિંગ ન સુધારવાને લઈને એજન્સીની ઝાટકણી કાઢી હતી. એસ એન્ડ પીના નામનો ઉલ્લેખ કર્યા વગર પુઅર્સ સ્ટાન્ડર્ડ ગણાવ્યા હતા. મૂડીઝે ભારતના રેટિંગને આ મહિને બીએએ-૩થી બીએએ-૨ કરવાની જાહેરાત કરી હતી. મૂડીએ નોટબંધી અને જીએસટી જેવા પગલાની પ્રશંસા કરી હતી. વૈશ્વિક રેટિંગ સંસ્થા મૂડીએ ગયા શુક્રવારના દિવસે ભારતની રેટિંગ છેલ્લા ૧૪ વર્ષમાં પ્રથમ વખત સુધારી હતી. નોમુરાએ રિસર્ચ નોટમાં કહ્યું છે કે, સીપીઆઈ ફુગાવો નવેમ્બર મહિનામાં ચાર ટકાથી ઉપર પહોંચી શકે છે અને તે વર્ષ ૨૦૧૮માં ચાર ટકાના આરબીઆઈના ટાર્ગેટથી ઉપર રહેશે.

## ઉમેદવારો જાહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં અન્ય ત્રણ બેઠક પર પ્રબળ દાવેદારીના અંતે હજુ બન્ને પક્ષે ટીકીટ જાહેર થઈ નથી. કોંગ્રેસે આ પાંચેય બેઠક પૈકી એક પણ બેઠક પર પોતાના ઉમેદવારો જાહેર કર્યા નથી. ત્યારે ટીકીટને અનુલક્ષી રાજકીય ઉત્તેજનાનો માહોલ યથાવત છે. રાજયમાં ચુંટણીને અનુલક્ષી જ્ઞાતિવાદ અને આંદોલનનો મુદ્દો મુખ્ય બનતા ટીકીટ ફાળવણીના અંતે ઠેર ઠેર વિરોધ અને અસંતોષની લાગણી પ્રબળ બની રહી છે. ત્યારે ટીકીટ ફાળવવાનો મુદ્દો રાજકીય પક્ષના મોવડીઓ માટે પણ માથુ ખંજવાળવુ પડે તેવી દશા છે. આવા સંજોગોમાં ગાંધીનગર ઉત્તરની બેઠક ઉપર પણ રાજકીય આગેવાનોની મીટ માંડીને બેઠા છે. શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના મતદારોને પોકેટમાં લેવા પક્ષો જ્ઞાતિવાદના સમીકરણને સેટ કરી સંભવિત નારજગી અને વિરોધને ખાળવાની તૈયારી સાથે ઉમેદવારોના નામ આખરી કરવા મથી રહી છે. મતદારો પણ પક્ષ કોના નામ પર પસંદગી ઉતારે છે તેની પર નજર રાખીને બેઠા છે. જો કે હજુ ભાજપે ગાંધીનગર ઉત્તર , દક્ષિણ અને કલોલ એમ ત્રણ બેઠકો પર ટીકીટની જાહેરાત કરવાની બાકી છે. જયારે કોંગ્રેસે હજુ ટીકીટ ફાળવવાના મામલે આ પાંચ પૈકી એક પણ બેઠક પર ખાતુ નથી ખોલ્યુ તે પણ ચર્ચાનો વિષય છે. જો કે આજકાલમાં પાંચેય બેઠકો પર ઉમેદવારોની યાદી જાહેર કરાતા ચુંટણી ચકરાવનુ ચિત્ર સ્પષ્ટ થશે.

## કોકડું ગુંચવાયુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવા સંકેતો પાટનગરના રાજકીય પ્રવાહોમાંથી મળી રહ્યા છે.

બન્ને મુખ્ય પક્ષોમાં આયાતી ઉમેદવારને લઈ કાર્યકરોમાં રોષની આગ ભભૂકી ઉઠી છે. તેથી બન્ને પક્ષો ઉમેદવારી પત્ર ભરવા માટેની સૂચનાઓની સાથે સાથે ખાસ કાળજી લેવા અને ડેમેજ કંટ્રોલ માટે પ્રદેશ આગેવાનોને હાજર રાખવાની વ્યુહરચના અપનાવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં જે રીતે ઉમેદવારી નોંધાવવા માટેનો ધસારો થયો છે તેને તંત્રએ પણ ગંભીરતાથી લીધો છે અને સોમવારના અંતિમ દિવસે ચાંપતો પોલીસ બંદોબસ્ત ચૂંટણી અધિકારીઓની કચેરીએ રાખવા ઉપરાંત જ્યાં સુધી આ અંગેની કાર્યવાહી સંપન્ન ના થાય ત્યાં સુધી સતત વિડીયોગ્રાફી કરવાના આદેશો આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

## કંગાળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેઠળના મકાનોનો કડુસલો બોલવાયા બાદ અન્ય મકાનો પણ જોખમી માલુમ પડતા તોડવાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. રહેણાંકની દ્રષ્ટીએ તદન કંગાળ હાલતમાં હોય તેવા આવસોને જમીનદોસ્ત કરી નાંખવામાં આવે છે. જયારે અન્ય મકાનોને મજબુતીકરણ હેઠળ આવરી લેવા રીનાવેશનનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. તંત્ર દ્વારા હાલ શહેરના વિવિધ સેકટરમાં જુદી જુદી કક્ષાના સરાકારી આવાસોની દશા સુધારવા કામ હાથ ધરાયુ છે. જેમાં સે-૮ માં ચ -૧ કક્ષાના ૬૬ યુનિટ , સે-૨૪ માં જ-૧ કક્ષાના ૬૦ યુનિટ,સે-૨૪ માં છ કક્ષાના ૮૪ યુનિટ અને સે-૬ માં ચ-૧ કક્ષાના ૧૮ યુનિટના મજબુતીકરણી યોજના હાથ ધરાઈ છે. આ અન્વયે કુલ ૨૨૮ મકાનોનુ મજબુતીરણ હાથ ધરાશે. હાલ સે-૮ માં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આવાસ મજબુતીકરણ અન્વયે રૂ ૨.૯૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી જુન મહીના સુધીમાં આ કામગીરી પુર્ણ કરી દવાશે. ખંડેર આવાસોના ફલોરીંગ , પ્લાસ્ટર તેમજ બારી બારણા સહીતનુ કામ કરવામાં આવશે.

## ભિલોડા-મેઘરજ બેઠક પર ભાજપના ઉમેદવારએ ફોર્મ ભર્યું

ભિલોડા,તા. ૨૪

ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ભાજપના ઉમેદવાર પી. સી. બરંડાએ ફોર્મ ભર્યું હતું.ભાજપના હોદ્દેદારો,કાર્યકરો,ટેકેદારો,હજ્જારો સમર્થકો સાથે રેલી કાઢી વાજતે-ગાજતે મામલતદાર કચેરી પહોંચી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું.

ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ભાજપના ઉમેદવાર પી.સી.બરંડાએ આજે તા.૨૪/૧૧/૨૦૧૭ ને શુક્રવારના રોજ વાજતે-ગાજતે રેલી કાઢી હતી.હજ્જારો કાર્યકરો,ભાજપના હોદ્દેદારો અને સમર્થકો ઉમટ્યા હતા.ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ભાજપના ઉમેદવાર પી. સી. બરંડાએ ભિલોડા મામલતદાર કચેરીમાં ફોર્મ ભર્યું હતું. ભિલોડા- મેઘરજ વિધાનસભાની બેઠક પર ભાજપ,કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે ભારે રસાકસીભર્યો જંગ જામશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.

# વડવાસા ખાતે વકીલનું અંગત અદાવતમાં અપહરણ અને મારામારી

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના વડવાસા ખાતે રહેતા અને વકીલાતનો ધંધો કરતાં વકીલને અંગત અદાવતને લઈને તેમના ઘરે આવી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમનુ અપહરણ કરી તેમની પાસેથી ૯૦૦૦૦ની લૂંટ કરી દેતા ફરીયાદી દ્વારા ૧૫ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના વડવાસા ખાતે રામદેવપીર મંદિરની બાજુમાં રહેતાં અને પોતે ખેતી તથા વકીલાતનો ધંધો કરતા ફરિયાદી વિનુભાઈ અમીચંદભાઈ પટેલ કે જેવોના ઘરે કેટલાક ઈસમો દ્વારા તેમના ઘરે વિવિધ ગાડીઓ લઈને આવી તમારા સાળાનો દિકરો આરોપીનંબર એકનાની બહેન સાથે ભાગી ગયેલ છે અને ભાગી જનારની હકીકત મેળવવાં ફરીયાદીના ઘરે આવ્યાં અને ફરીયાદી તથા તેના સાળાના ઘરે સોનાસણ ખાતે ના મળી આવતાં આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી આરોપી નં ૧-૨ ના ઓએ સાલાને ઉઠાવી લો આજે તો પતાવી દેવાનો છે તેમ કહીને આરોપી ૧, ૨, ૫, ૬, ૭, ૯ તથા બીજા અન્ય બીજા બે અજાણ્યા માણસોએ વકીલનું વડવાસા ગામેથી અપહરણ કરી છાતીનાં ભાગે તથા મોઢાંના ભાગે બરડાના ભાગે મુક્કા મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી નં-૨ નાએ ચપ્પુ બતાવી ફરીયાદીના પહેરેલ શર્ટના ખિસ્સામાંથી રોકડા ૨૫૦૦૦ તથા અંગત ડોકયુમેન્ટ ઝુંટવી લઈ ગળામાં પહેરેલો સોનાનો દોરો અઢી તોલા વજનનો આશરે ૬૫૦૦૦ મળી કુલ ૯૦, ૦૦૦ ની લુંટ કરી એક બીજાની મદદગીરી કરતાં ફરીયાદી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ૧૩ તથા અન્ય બે કે જેવોના નામ થામ જણાવેલ નથી વિરૂધ્ધ ગુનો નોંધાવતા પ્રાંતિજ પોલીસે (૧) કુણાલ રોહીતભાઈ પટેલ (૨) મેહુલ પ્રવિણભાઈ પટેલ (૩) રોહિત બચુભાઈ પટેલ (૪) પ્રવિણભાઈ બચુભાઈ પટેલ (૫) અમિતભાઈ જેઠાભાઈ પટેલ (૬) આર્દશ મનોજભાઈ પટેલ (૭) શ્યામ મહેન્દ્રભાઈ પટેલ (૮) હિરલ બાબુભાઈ પટેલ (૯) ભોલાભાઈ સતીષભાઈ પટેલ (૧૦) રામાભાઈ ડાહ્યાભાઈ પટેલ (૧૧) જગાભાઈ ડાહ્યાભાઈ પટેલ (૧૨) મોન્ટુ નરેન્દ્રભાઈ ઉર્ફે ગોવિદભાઈ પટેલ (૧૩) અર્થ જીતુભાઈ પટેલ તથા બીજા બે અજાણ્યા ઈસમો જેઓનાં નામઠામ નથી તો નં-૧ થી ૮ નં૧૨.૧૩ - રહે. ઝાખોરા જિ.ગાંધીનગર તથા નં-૯ રહે. ડભોડા તથા નં.૧૦,૧૧ રહે. ચંદ્રાલા જિ.ગાંધીનગર વિરૂધ્ધ ગુનો નોંધી પ્રાંતિજ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.